# હિંમતનગર સહકારી જીન ચાર રસ્તા પરથી વિદેશી દારૂ ભરેલી જીપ સાથે બે પકડાયા

હિંમતનગર, તા. ૨૯
સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તા પરથી મંગળવારે રાત્રીના હિંમતનગર પોલીસે બાતમી આધારે વોચ કરી વિદેશી દારૂ ભરેલી જીપ સાથે બેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ હિંમતનગર ટાઉન પોલીસમથકના પીઆઈ એ.બી. વાટલીયાને મળેલ બાતમી આધારે ડી સ્ટાફના વિનોદ રાઠોડ સ્ટાફ સાથે સહકારી જીન ચાર રસ્તે મંગળવારે રાત્રીના વોચ કરી રહ્યા હતા. દરમિયાન બાતમી વાળી જીપ નંબર જીજે-૯-એચ.૩૫૫૧ શામળાજી તરફથી આવી રહી હતી જેને ઉભી રાખી તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૪૨૫ બોટલ કિંમત રૂ. ૨ લાખની મળી આવેલ જેથઈ પોલીસે બે લાખની જીપ અને રોકડ ૮ હજાર ૮૦૦ મળી કુલ રૂ. ૪ લાખ ૧૦ હજાર ૮૦૦ના મુદ્દામાલ સાથે રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ગીરવા તાલુકાના જગત ગામના રોડીદાસ કાલુદાસજી વૈષ્ણવ અને ઉદેપુર જિલ્લાના ખેરવાડા તાલુકાના જવાસ ગામના ભવાનીસિંગ સરદારસિંગ રાજપૂતને પકડી પાડી પૂછપરછ કરતા જણાવેલ કે આ વિદેશી દારૂ અમદાવાદ આપવાનો હતો. પોલીસે બે વિરૂદ્ધ હિંમતનગર ટાઉન પોલીસમથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટે ૨૫મીના રોજ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં તેમનું અરવલ્લી જિલ્લા ભાજપના પ્રમુખ ભરતસિંહ રહેવરે સ્વાગત કર્યુ હતુ. ઉપરાંત સંગઠનમંત્રી અતુલ બ્રહ્મભટ્ટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. (તસવીર : જીતેન્દ્ર પટેલ)

# કુંડોલપાલ ગામના ૧૫ મૃતકોના પરિવારોને સહાય અપાઈ

## મૃતકના પરિવારજનોને સહાય પેટે ૧.૦૫ લાખ અપાયા : આદિજાતિ મંત્રી ગણપતભાઈ વસાવા અને જશવંતસિંહ ભાભોરે મૃતકોના પરિવારને સાંત્વના પાઠવી

હિંમતનગર, તા. ૨૯
અરવલ્લી જિલ્લાના ભિલોડા



તાલુકાના કુંડોલપાલ ગામેથી લૌકિક ક્રિયાએ ધંધાસણ ગામે જઈ રહેલા ડામોર પરીવારના ૧૫ જણા ટ્રેક્ટર ઉથલી પડવાને કારણે અકાળે અવસાન પામ્યા હતા. આ મૃતકોને તા.૨૫ જાન્યુઆરીએ મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કુંડોલપાલ ગામે આવી મૃતકોના અંતિમ સંસ્કાર દરમિયાન રાજય સરકાર તરફથી મૃતકના પરિવારજનોને રૂ.૧ લાખની સહાય તથા અકસ્માતમાં જાનહાનિ થયેલ લાકોના સારવારનો ખર્ચ સરકાર ભોગવશે તેવી જાહેરાત કરી હતી. જે અંતર્ગત રાજયના આદિજાતિ મંત્રી ગણપતભાઈ વસાવા અને રાજયકક્ષાના આદિજાતિ મંત્રી જસવંતસિંહ ભાભોરે કુંડોલપાલ ગામે આવી મૃતકોના પરિવારજનોને સહાયના ચેક આપ્યા હતા.

કુંડોલપાલ ગામે બનેલી કરૂણાંતિકામાં ડામોર જ્ઞાતિના ૧૫ જણાના મોત નિપજયા હતા. દરમિયાન -જાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તો મોડાસા ખાતે આવી રહેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને જાણ થતાં તેઓ સીધા કુંડોલપાલ ગામે આવી પહોંચ્યા હતા. જેમાં ગામના સરપંચ સહિત ૧૫ જણાના મોત થતાં તેમના પરિવારજનોને મળી સાત્વના પાઠવી હતી. જયાં ઉપસ્થિત લોકોની હાજરીમાં મુખ્ય મંત્રીએ રાહતફંડમાંથી રૂ.૧ લાખ તથા દવા અને સારવારના મળી રૂ.૫ હજાર આપવાની જાહેરાત કરી હતી.

જે અંતર્ગત આદિજાતિ મંત્રી ગણપતભાઈ વસાવા અને જશવંતસિંહ ભાભોરે, અરવલ્લીના નાયબ કલેકટર જાડેજાએ આવી ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. ત્યારબાદ સરપંચ જોરજીભાઈ ડામોરના નિવાસ્થાને જઈ તેમના પત્ની ડામોર રતનબેનને રૂ.૧.૦૫ લાખનો ચેક આપ્યો હતો. તેમજ અન્ય પાંચ મૃતકના પરિવારજનોને મળી સાત્વના પાઠવી સહાયના ચેક અર્પણ કર્યા હતા. આ -સંગે ભિલોડા તાલુકા સરપંચ એસોસીએન ધ્વારા મૃતકોના સ્વજનોને સહાય આપી હતી.

મૃતક ડામોર જીતેન્દ્રભાઈ ખાતુજીના પાંચ વર્ષના પુત્ર અમીતે પિતાની છાયા ગુમાવી દેતા તેના માટે દાદી જ સર્વસ્વ બન્યા છે. જેથી બંને મંત્રીઓએ અમીતની મુલાકાત લઈ તેને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા વિનંતી કરી હતી. જેના કારણે ઉપસ્થિત લોકોની આંખો આસુથી ભરાઈ ગઈ હતી.

આ -સંગે ભિલોડા તાલુકા પંચાયતના -મુખ અમૃતલાલ બરંડા, ઉપ-મુખ ગજાનંદભાઈ -જાપતિ, કારોબારી અધ્યક્ષ સિધ્ધરાજભાઈ ચૌલવિયા, વિજયનગર તાલુકા પંચાયતના શ્રીમતી મંજુલાબેન કટારા, મેધરજ તાલુકા પંચાયના -મુખ જયવંતિકાબેન ડામોર, પૂર્વ ધારાસભ્ય રમીલાબેન બારા, રાજુભાઈ નિનામા, ગુલાબચંદ પટેલ, સહિત આદિજાતિ સમાજના અગ્રણીઓ અને આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# પાટણમાં વિકલાંગ મેરેથોન દોડ યોજાઈ

પાટણ, તા. ૨૯
પાટણ ખાતે પાટણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત ચતુર્થ ઐતિહાસીક વિકલાંગ મેરેથોન દોડને પાટણ યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતેથી ગુજરાત આર્મીના જનરલ વડા પરમવીર ચક્ર વિજેતા યોગેન્દ્રસિંહ યાદવ, પાટણ જિલ્લા સાંસદ જગદીશભાઈ ઠાકોર, નગરપતિ હેમંત તન્ના, એસ.ટી. નિગમના ડીરેક્ટર કે.સી. પટેલ, અધિક જિલ્લા કલેક્ટર ડી.એ. શાહ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે. પંડ્યા, પ્રાંત અધિકારી બી.કે. જોષી, ગુજરાતી ફિલ્મ અભિનેત્રી મમતા સોની અને કોમલ ઠક્કરની ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.






આ ચતુર્થ ઐતિહાસીક મેરેથોન દોડ યુનિવર્સિટી ગ્રાઉન્ડથી રેલવે સ્ટેશન, હીંગરા ચાચર ચોકથી જીમખાના સુધી ૧૪ કિ.મી.ની દોડ યોજાઈ હતી. આ મેરેથોન દોડમાં ગુજરાતના કુલ ૫૦૦ વિકલાંગ ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ મેરેથોન દોડના રસ્તાની બંને બાજુએ બેનરો સાથે પીપુડા વગાડી તાલીયોના અવાજ સાથે વિકલાંગ ભાઈ બહેનોએ ઉત્સાહ વધારતા હતા. અને પાટણ શહેરના નગરજનો પણ વિકલાંગ ભાઈ બહેનોએ પ્રોત્સાહીત કરતા હતા. મેરેથોન દોડની આગળ આર્મીના જવાનોએ તથા પોલીસ બેન્ડ જવાનોએ રસ્તામાં સંગીતની સુરાવલીઓ રેલાવી હતી.

મેરેથોન દોડની શરૂઆતમાં યુનિવર્સિટી ખાતે બે પગે વિકલાંગ અને ડાન્સ ઈન્ડીયા ડાન્સના વિજેતા વડોદરાના કમલેશ પટેલે બે હાથ પર અદભૂત ડાન્સ કરી વિકલાંગ ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. કમલેશ પટેલનો ડાન્સ જોઈને નગરજનોનું મન મોહિત થઈ ગયું હતું.

વિકલાંગ મેરેથોન દોડના સમાપનમાં જીમખાના સ્થળે અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ભારતના પરમવીર ચક્ર વિજેતા તથા કારગીલ યોદ્ધા યેગેન્દ્રસિંહ યાદવે કારગીલ યુદ્ધની શૌર્યગાથા રજુ કરી યુવાનોને ભારત માતાની રક્ષા કાજે લશ્કરમાં જોડાવવા આહવાન કરતાં જ્યાં પણ હોવ ત્યાં તન, મન અને ઈમાનદારી, વફાદારીથી કાર્ય કરવા સંદેશ આપ્યો હતો. ગુજરાતી ફિલ્મ અભિનેત્રી કોમલ ઠક્કરે શાયરી પીરસી હતી તેમજ મમતા સોનીએ દેશભક્તિ ગીત ઉપર ડાન્સ કરી લોકોના મન મોહિત કરી લીધા હતા.



અમદાવાદ-હિંમતનગર માર્ગ પર પ્રાંતિજ નજીક આવેલ પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે થોડા સમય અગાઉ અકસ્માત સર્જાયો હતો જેને લઈ ડીવાઈડરનો કાટમાળ માર્ગ પર જ વચ્ચોવચ્ચ પડ્યો છે. આથી અન્ય ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહનચાલકોને ભારે પરેશાની થઈ રહી છે અને આ કાટમાળને લઈ ભવિષ્યમાં મોટો અકસ્માત સર્જાય તેવી પણ ભીતી સર્જાઈ રહી છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# દૂધ સાગર ડેરીના હોદ્દેદારો વિરૂદ્ધ રૂ. ૨૨.૫૦ કરોડની છેતરપીંડી અંગે પોલીસ ફરિયાદ

મહેસાણા, તા. ૨૯
મહેસાણા ખાતેની દૂધસાગર ડેરના ચેરમેન સહિત હોદ્દેદારો અને અધિકારીઓ વિરુધ્ધ સાગરદાણના મુદ્દે રૂપિયા ૨૨.૫૦ કરોડની છેતરપીંડી અંગે ફરિયાદ પાટણ જિલ્લા રજીસ્ટ્રારે નોંધાવતા મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાંચે ડેરીના ફાયનાન્સ વિભાગના જનરલ મેનેજર રશ્મિકાન્ત મોદી અને ડેરીના મેનેજીંગ ડિરેકટર બક્ષીની ધરપકડ કરતા ડેરીના કર્મચારીઓએ પોલીસ કાર્યવાહી સામે સખ્ત વિરોધ દર્શાવ્યો છે.

મહેસાણા દૂધ સાગર ડેરીના બે ઉચ્ચ અધિકારીઓની ધરપકડથી ડેરીના કામદાર વર્ગમાં ભારે હલચલ મચી ગઈ છે. અધિકારીઓની ધરપકડના વિરોધમાં મહેસાણા ડેરીના કર્મચારી યુનિયને મહેસાણા શહેરમાં ભારે સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢી હતી. આ રેલી કલેક્ટર કચેરી તરફ આગળ વધી રહી હતી ત્યારે માર્ગમાં રેલીની પરવાનગીના મુદ્દે પોલીસે રેલીને અટકાવી હતી જેથી એક તબક્કે ડેરીના કર્ચમારી આગેવાનો અને પોલીસ વચ્ચે શાબ્દિક ચકમક ઝરી હતી. આ સમયે ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. બાદમાં અગ્રણીએ અધિક કલેકટરને આવેદન પાઠવ્યું હતું. જેમાં ડેરીના અધિકારીને સત્વરે મુકત કરવાની માંગણી કરી હતી.

# તલોદના ટ્રિનિટી એજ્યુકેશન કેમ્પસમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ

તલોદ, તા. ૨૯
તલોદના ટ્રિનિટી એજ્યુકેશનલ કેમ્પસ ખાતે ૬૫માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ રંગારંગ કાર્યક્રમો રજૂ કર્યા હતા.

૬૫માં પ્રજાસત્તાક દિનની ઉજવણી મણીભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે શૈલેષભાઈ સુથારે સ્વાગત પ્રવચન કર્યું હતું. બાદમાં શાળાના બાળકોએ દેશભક્તિગીતો, વક્તવ્ય, નાટક, ગૃપડાન્સ જેવા વિવિધ રંગારંગ કાર્યક્રમો રજુ કર્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટીઓ આર.એલ. પટેલ, ડૉ. વસંતભાઈ કિરીટભાઈ, અલ્પેશભાઈ સહિત વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા. અંતે અલ્પેશભાઈ પટેલ ઉપસ્થિત રહી આભારવિધિ કરી હતી.

# આસેડા પગાર કેન્દ્ર શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૨૯
ડીસા તાલુકામાં આવેલ આસેડામાં આવેલ પગાર કેન્દ્ર શાળામાં ૨૬મી જાન્યુઆરીએ ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને પ્લસ પરિવાર દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ધ્વજવંદન કાર્યક્રમમાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અનુક્રમે પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે ઈનામ પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા હતા. જયારે પ્લસ પરિવારના અશોકજી સોરાવાડા, ભરતજી રાઠોડ, વિજાબેન દેસાઈ, વીનુબેન ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.





૨૬મી જાન્યુઆરી અંબાજીથી શરૂ થયેલ આમ આદમી પાર્ટીની ઝાડુયાત્રા ધાનેરા આવી પહોંચતા ધાનેરાના જાહેર માર્ગો ઉપર આ ઝાડુયાત્રા ફરી હતી અને આમ આદમી પાર્ટીની ઝાડુયાત્રા ધાનેરાના લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું. (તસવીર : ભરત પરમાર)

# પાલનપુર શહેરમાં નારી કેન્દ્રના પારણામાંથી નવજાત તાજી જન્મેલી બાળકી મળી આવતા ચકચાર



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૨૯
સરકાર ભલે બેટી બચાવો અભયાન થકી જન જાગૃતિ લાવવાનો લોકોમાં પ્રયાસ કરતી હોય છતાં પણ હજુ તાજી જન્મેલી બાળકીને ત્યજી દેવાના બનાવો દીન પ્રતિદિન વધી રહ્યા છે. પાલનપુર જિલ્લાના હેડકવાર્ટરમાં આવેલ જિલ્લા પોલિસ વડાના બંગલાની આગળ આવેલ નારી કેન્દ્ર મુકવામાં આવેલ પારણામાં અડધા માસે જન્મેલી જીવીત બાળકી મળી આવતા નારી કેન્દ્રના સત્તાધીશોએ બાળકીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં આઈ.સી.યુ.માં ખસેડવામાં આવી હતી. જો કે ત્યજી દેનાર બાળકીના માતા પ્રત્યે લોકોએ ફીટકારની લાગણી વર્ષાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્શ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન